# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૦૧ તા.૨૭-૧૨-૨૦૧૮**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- શૈક્ષણિક પ્રવાસના આયોજન બાબત.**

આથી મ્યુનિ.શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને શૈક્ષણિક પ્રવાસના આયોજન બાબત જણાવવાનું કે વિદ્યાર્થીઓ અભ્યાસક્રમના ભાગરૂપે શાળામાંથી વિવિધ સ્થળે પર્યટન, સ્થળ મુલાકાત, વ્યક્તિ મુલાકાત, સંસ્થા મુલાકાત-મ્યુઝીયમ/ પ્રદર્શન મુલાકાત અને પ્રવાસ કરે તે જરૂરી છે. પરંતુ તે શૈક્ષણિક હેતુઓના અનુસંધાનમાં હોય તે અનિવાર્ય છે. આ માટે બાળકોને પ્રવાસમાં લઈ જવા ઈચ્છતી શાળાઓએ આ સાથે આપેલ નિયત નમૂનાનું **શૈક્ષણિક પ્રવાસ મંજુરી પત્રક** રજૂ કરવાનું રહેશે.

વિશેષમાં નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવા સૂચના આપવામાં આવે છે.જે શાળાઓને તા.૨૭-૧૨-૨૦૧૮ પહેલાં આ કચેરી દ્વારા મંજૂરી આપવામાં આવેલ હતી તે પૈકી જેઓનો પ્રવાસ કરવાનો બાકી છે તેવી તમામ શાળાઓએ નીચે મુજબની સૂચનાઓના પાલન સાથે પુનઃ મંજૂરી મેળવી પ્રવાસ કરવાનો રહેશે. તા.૨૭-૧૨-૧૮ પછી શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવા માંગતી શાળાઓએ નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

❖ **શૈક્ષણિક પ્રવાસ માટે નીચેની શરતોનું બિનચૂક પાલન કરવાનું રહેશે.**

૧. પ્રવાસમાં જનાર બાળકોની યાદીમાં કુમાર, કન્યા અને કુલ સંખ્યા રજૂ કરવી.

૨. પ્રવાસમાં જનાર શિક્ષકોના નામ રજૂ કરવા.

૩. પ્રવાસમાં ન જોડાનાર બાળકો અને શિક્ષકોના નામ રજૂ કરવા.

૪. સરકારી ટ્રાન્સપોર્ટેશનને પ્રાથમિકતા આપવાની રહેશે.

૫. ટ્રાન્સપોર્ટેશન માટે આર.ટી.ઓ. (સરકાર) માન્ય સલામત મુસાફરી વાહનનો જ ઉપયોગ કરવો. આર.ટી.ઓ.ની સીટીગ કેપેસીટીની માન્યતા ઉપર એકપણ પેસેન્જર (શિક્ષક તથા વિદ્યાર્થીની સંખ્યા સાથે) વધારે લઇ જઇ શકાશે નહી.

૬. જે વાહનમાં પ્રવાસ કરવાનો છે તે વાહનમાં કેટલા બાળકો પ્રવાસ કરી શકે છે તે અંગેનો આર.ટી.ઓ. દ્વારા અપાયેલ લેખિત આધાર જોઇ તેટલા જ બાળકોને બેસાડવાના રહેશે. તેનાથી વધુ બાળકો બેસાડવામાં આવશે તો તે શાળાના મુખ્ય શિક્ષક તથા પ્રવાસમાં જોડાનાર તમામ શિક્ષકોની અંગત જવાબદારી રહેશે.

૭. શેક્ષણિક પ્રવાસની મંજુરી માટેનું નિયત આવેદન પત્ર રજૂ કરી માન્યતા મેળવવી.

૮. રાત્રી સમયે કોઈપણ સંજોગોમાં પ્રવાસ કે મુસાફરી કરી શકાશે નહીં.

૯. ભયજનક- જોખમી સ્થળોએ કોઈપણ સંજોગોમાં જઈ શકાશે નહીં.

૧૦. પ્રવાસના શૈક્ષણિક હેતુઓ, સંભવિત સ્થળોની પસંદગી, રૂટ, સમયપત્રક, અંદાજીત ખર્ચ, સમયગાળો વગેરે નક્કી કરવા માટે બીટ સુપરવાઈઝરશ્રીના માર્ગદર્શનમાં એક સમિતિ બનાવવી,જેમાં એસ.એમ.સી. સભ્યોને પણ રાખવા.

૧૧. નિયત નમૂનામાં તમામ વિદ્યાર્થીઓના **વાલી સંમતિપત્રક** મેળવી લેવા.

૧૨. કન્યાઓ માટે મહિલા શિક્ષિકાને માર્ગદર્શક શિક્ષક તરીકે પ્રવાસમાં ફરજીયાત સાથે રાખવા.

૧૩. દર ૨૦ વિદ્યાર્થીઓએ ૧ માર્ગદર્શક શિક્ષકે પ્રવાસમાં જવું. મુખ્ય ઓફિસમાં બાળકોના નામ, શિક્ષકોના નામો રજૂ કરેલ હશે અને મુખ્ય ઓફિસ દ્વારા મંજૂરી મેળવેલ હશે તે સિવાયના વધારાના બાળકો કે શિક્ષકોને પ્રવાસમાં લઈ જવા નહી. અન્યથા આ માટે મુખ્ય શિક્ષકશ્રીની જવાબદારી રહેશે.

૧૪. પ્રાથમિક સારવારની પેટી, અગત્યના સંપર્ક નબંર, પૂર્વ મંજૂરીના પત્રો, વાલીઓના સંપર્ક નંબર, એટલાસ, હોકાયંત્ર તથા જરૂરી સંદર્ભ સાહિત્ય પ્રવાસમાં સાથે જ રાખવું.

૧૫. પ્રવાસ દરમ્યાન શુધ્ધ પાણી અને યોગ્ય આહાર મળે તે સુનિશ્ચિત કરવું.

૧૬. પ્રવાસ પૂર્ણ થયે દિન-૭ માં પ્રવાસના હિસાબો તથા અહેવાલ બીટ સુપરવાઈઝરશ્રી સમક્ષ રજૂ કરવો.

૧૭. દર વર્ષે ડીસેમ્બર અને જાન્યુઆરી માસમાં ગુજરાતમાં એક દિવસનો પ્રવાસ કરી શકાશે.

